GPCB

# GUJARAT POLLUTION CONTROL BOARD
PARYAVARAN BHAVAN
Sector-10-A, **Gandhinagar**-382 010
Phone : (079) 23226295
Fax : (079) 23232156
Website : www.gpcb.gov.in

## પાણી પ્રદૂષણ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ – ૧૯૭૪ ની કલમ ૩૩ (અ) હેઠળ ઉદ્યોગને સૂચના (નોટીસ)

1) આપ મેસર્સ નર્મદા ક્લીન ટેક લીમીટેડ (NCTL), સુરતી ભાગોળ, ઉમરાવાડા રોડ અંકલેશ્વર, જી.ભરૂચ ઠેકાણે કોમન એફ્યુલન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP – FETP) ચલાવો છો અને ઔધોગીક ગંદા પાણીનું શુધ્ધીકરણ કરો છો.

2) આપને જણાવવાનું કે, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના હુકમ નંબર AWH- ૭૯૬૦૧ થી આપને તા. ૨૪/૦૭/૨૦૨૧ સુધીનાં સમયગાળા માટે આપનો ઔધોગિક એકમ ચલાવવાની મંજૂરી આપવામાં આવેલ છે.

3) આપને જણાવવાનું કે આપના કોમન એફ્યુલન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP – FETP) ની તા. ૦૪/૦૮/૨૦૧૬, ૧૨/૦૮/૨૦૧૬, ૨૨/૦૯/૨૦૧૬, ૧૦/૧૧/૨૦૧૬, ૨૮/૧૧/૨૦૧૬, ૦૭/૧૨/૨૦૧૬ અને ૧૭/૧૨/૨૦૧૬ નાં રોજ પાણી અધિનિયમ – ૧૯૭૪ ની કલમ–૨૩ હેઠળ બોર્ડનાં અધિકારીઓએ મુલાકાત લીધેલ, ત્યારે નીચે મુજબની વિગતો જાણવા મળેલ હતી.

   i. અંકલેશ્વરની ઈનલેટ પાઈપમાં લીકેજીસ જોવા મળેલ.
   ii. પ્રિમાઈસીસમાં હાઉસ કીપીંગ ખરાબ જોવા મળેલ.
   iii. કાંતીયાજળ પાસે પાઈપલાઈનમાં લીકેજીસ થયેલ.
   iv. CETP નાં જુદા જુદા દિવસનાં સેમ્પલનાં(ટ્રીટેડ એફલુઅન્ટનાં) રીઝલ્ટ નીચે મુજબ છે.

| Date | BOD | COD | $NH_3N$ |
|---|---|---|---|
| 04/08/2016 | 315 mg/L | 977 mg/L | 59 mg/L |
| 12/08/2016 | 46 mg/L | 491 mg/L | 190 mg/L |
| 22/09/2016 | 48 mg/L | 560 mg/L | 235 mg/L |
| 06/09/2016 | 220 mg/L | 715 mg/L | 223 mg/L |
| 05/10/2016 | 115 mg/L | 895 mg/L | 358 mg/L |
| 10/11/2016 | 65 mg/L | 659 mg/L | 17 mg/L |

   v. NCTL દ્વારા સબમીટ કરવામાં આવતા પૃથ્થક્કરણ અહેવાલ તથા ઊપરોકત મોનીટરીંગ દરમ્યાન એકત્ર કરાયેલ સેમ્પલનાં પૃથ્થક્કરણ અહેવાલમાં મોટા ભાગના A.R. માન્ય માત્રા કરતા વધુ છે.

4) આપને ત્યાં જોવા મળેલ પ્રદૂષણ નિયત માત્રા કરતાં વધારે અને પર્યાવરણને ગંભીર અસર કરે એ પ્રકારનું હતું.

5) CPCB દ્વારા તા. ૦૯/૧૨/૨૦૧૬ રોજ ઈપીએ–૧૯૮૬ ની કલમ ૫ હેઠળ આપવામાં આવેલ ડાયરેકશન.

ઉપરોકત સંજોગોમાં હું, ડી.એમ.ઠાકર, પર્યાવરણ ઈજનેર, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પાણી અધિનિયમ – ૧૯૭૪ ની કલમ – ૩૩(અ) હેઠળ મળેલ સત્તાની રૂએ આજ્ઞાનુસાર નીચે મુજબ સુચના આપું છું કે,

1) આપના કોમન એફ્યુલન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP – FETP) ના સંચાલન માટે જવાબદારો સામે પગલા શા માટે ન લેવા?

2) ઉપરોકત નોન કોમ્પલયન્સ બાબતે આપના કોમન એફ્યુલન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP – FETP) ને UP-GRADE કરવા / ટ્રીટમેન્ટ યોગ્ય રીતે થાય તે માટે સમયબધ્ધ કાર્યક્રમ અત્રે રજુ કરવો.

જો આપ દિન–૧૫ માં આપની લેખિત રજુઆત કરવામાં કે ખુલાસો કરવામાં નિષ્ફળ જશો તો આપને આ બાબતે રજુઆત કરવાની રહેતી નથી, તેમ માનીને બોર્ડને પાણી અધિનિયમ – ૧૯૭૪ ની કલમ – ૩૩(અ) હેઠળ ઉપર મુજબનો આદેશ આપવાની ફરજ પડશે અને તે માટેની સઘળી જવાબદારી આપની રહેશે, જેની નોંધ લેશો.

(પાછળ જુઓ)

Outward No 463704 16/02/2017

નંબર :- જી.પી.સી.બી./એએનકે/સીસીએ-૧૦૧૫(૨૫)/આઇ.ડી-૨૭૮૩૩/ તા. /૦૨/૨૦૧૭

પ્રતિ:-

કબજેદાર/મેનેજરશ્રી,
મેસર્સ નર્મદા કલીન ટેક લીમીટેડ,
કોમન એફ્યુલન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP – FETP),
સુરતી ભાગોળ, ઉમરાવાડા રોડ, અંકલેશ્વર,
જી.ભરૂચ.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનાં નામે અને વતી,

D. M. Thaker 10/2

(ડી.એમ.ઠાકર)
પર્યાવરણ ઈજનેર

Outward No:403704,10/02/2017